

# આહ્વાન


**Shahpur Methodist Church**

Bahai Center, Shahpur, Ahmedabad 380 001.



Pastor : Rev. Vijay Mekwan (D.S)
Ph. : 079-25503545 (M) 98242 69347
Email : revvijaymekwan@yahoo.com
Visit us at : www.shahpurmethodistchurch.com



વર્ષ - ૪૦ | જૂન - ૨૦૧૪ | પત્ર - ૨૨


## એક આદર્શ પિતા

એવું માનવામાં આવે છે કે પિતા કુટુંબનો આગેવાન છે. બાયબલ પણ પુરૂષને કુટુંબની ખુબ મહત્વની વ્યક્તિ ગણે છે અને ચાહે તે એક પતિના રૂપમાં હોય કે પિતાના રૂપમાં, પણ તે કુટુંબનો આધાર અથવા ટેકો છે. ઈશ્વરની સનાતન યોજનામાં પુરૂષને ચઢિયાતો ગણવામાં આવ્યો છે. તેનું સર્જન પ્રથમ કરવામાં આવ્યું હતું. સ્ત્રી તેના સહાયકારી રૂપે તેને આપવામાં આવી હતી અને નવા કરારમાં પાઉલના મત પ્રમાણે પુરૂષ એ શિર છે. શિરનું મહત્વ તેના નિર્ણય કરવાની શક્તિ પર રહેલું છે. શરીરના અનુસંધાનમાં દરેક નિર્ણય શિર એટલે કે મગજ કરે છે તે પ્રમાણે કુટુંબ સંબંધીના નિર્ણય પુરૂષે કરવાના હોય છે. પણ આજની સ્થિતિ બદલાઈ ગઈ છે. એવું લાગી રહ્યું છે કે જાણે કે પુરૂષે એક આગેવાન તરીકેનું સ્થાન ગુમાવી દીધું છે. જગતમાં ઘણો સમય પુરૂષ પ્રધાન સમાજની વ્યવસ્થા હતી. પણ સમાજનું સમતોલન બદલાતા પુરૂષનું સ્થાન પણ બદલાઈ ગયું છે. આજે પ્રશ્ન છે કે આદર્શ પિતા કોને કહેવાય? જે પોતાના બાળકને તેની સર્વ માંગણીઓ પ્રમાણે આપે તે આદર્શ ગણાય કે જે પોતાના બાળકમાં સારા સંસ્કારોનું સિંચન કરે, તેને સફળતા તરફ દોરે અને તેના જીવનમાં ઈશ્વર પરનો વિશ્વાસ રેડીને તેને આત્મિક દોરવણી આપે તે?

બાયબલના પુરૂષપાત્રોની વાત કરીએ તો તેઓ ઈશ્વરને વ્યક્તિગત રીતે ઓળખનાર લોકો હતા. ઈબ્રાહીમ સંબંધી વિચારીએ તો ઈશ્વરની ઓળખ થયા બાદ ઈબ્રાહીમ ઈશ્વર સાથેના સંબંધમાં ખુબ વ્યવસ્થિત રીતે આગળ વધતો હતો. તે ઈશ્વરની ઈચ્છા સમજીને પોતાના જીવનમાં આગળ વધતો હતો. જીવનમાં તે ઈશ્વરને અગ્રીમતા આપતો હતો. તેનું જીવન ઈશ્વરની યોજનામાં આગળ ધપતું હતું અને એટલે તે જીવનમાં સફળ થયો. તેણે પોતાના જીવનના નિર્ણયો ઈશ્વરની ઈચ્છામાં રહીને પોતે કર્યા હતા. ઈશ્વરે તેના નિર્ણયોને સફળ કર્યા હતા. બીજા ઘણા પાત્રો બાયબલમાં છે કે જેઓનું કૌટુંબિક જીવન સફળ થયું હતું. તેઓ ઈશ્વરને ઓળખતા હતા અને ઈશ્વર પર વિશ્વાસ રાખીને ચાલતા હતા. તેઓએ પોતાનો સારો નમૂનો આપ્યો હતો.

પિતા તરીકે આત્મિક જવાબદારી ઉઠાવવાની જરૂર છે. બાળકોને ઈશ્વરની ઓળખ કરાવવાની જવાબદારી પિતાની છે. પુર્નનિયમ ૪:૪–૬માં પિતાને જણાવવામાં આવ્યું છે કે ઈશ્વરના વચનોનું શિક્ષણ પિતાએ બાળકોને આપવાનું છે. એક સારા પિતા પોતે ઈશ્વરની બીક રાખીને ચાલે છે અને પોતાના બાળકોને પણ ઈશ્વરની બીક રાખતા શીખવે છે. નિયમશાસ્ત્રમાં પણ સંતાનોને યોગ્ય માર્ગમાં ચાલવા અંગેની જવાબદારી પિતાના શિરે મૂકવામાં આવી છે. વળી બાળકોને શિસ્તમાં ઉછેરવા સંબંધી પણ બાયબલમાં જણાવવામાં આવ્યું છે. નીતિવચનોમાં પિતાને બાળકને યોગ્ય શિક્ષણ આપવા વિષે જણાવવામાં આવ્યું છે અને જરૂર પડે તો તેને શિક્ષા કરવા માટે પણ કહેવામાં આવ્યું છે (નીતિ.૨૨:૬; ૨૩:૧૩). દરેક પિતાની એ નૈતિક જવાબદારી છે. તે પોતાના બાળકોને પોતાના નમૂના વડે દોરવણી આપે છે અને સાથે સાથે જરૂર જણાય ત્યારે તે સોટીનો ઉપયોગ પણ કરે છે. આધુનિક યુગમાં આ બેવડી જવાબદારી પિતાઓ માટે અઘરી બની ગઈ છે. પોતાની અતિ વ્યસ્તતાને કારણે પિતા પોતાના સંતાનોના જીવનમાં રસ લઈ ન શકવાને કારણે તે બીજા વિકલ્પો અપનાવે છે. બાળકોના જીવનમાં અંગત રસ લેવાના બદલે, તેમના માટે સમય ફાળવવાના બદલે તે પ્રેમના નામે તેમને ચીજ વસ્તુઓ આપીને પિતા તરીકેની જવાબદારી ઉઠાવવાનો સંતોષ માણે છે. આના કારણે ઘણી બધી વાર બાળકો ખોટા માર્ગે વળી જાય કે વંઠી જાય છે. જ્યારે બાળકોને શિસ્તમાં રાખી શકાય તેમ હોય ત્યાં સુધી તેમને શિસ્તમાં રાખવા જોઈએ. વધુ પડતા પ્રેમ અથવા છૂટછાટ તેમને સ્વછંદી બનાવી દે છે અને જ્યારે તેમને કાબૂમાં લેવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે મોડું થઈ ગયું હોય છે.

અત્યારના ખ્રિસ્તી સમાજનું ચિત્ર વિચારવા જેવું છે. મોટા ભાગના બાળકો દિશાવિહીન જીવનમાં આગળ વધતાં હોય તેવું લાગે છે. બહારના જગતમાં ભાવિ પેઢી માટે કપરાં ચઢાણ છે ત્યારે પિતાઓએ સાવચેત થવાની જરૂર છે. પોતાના બાળકોને પ્રભુના ભયમાં અને તેમના વચનોનાં શિક્ષણમાં ઉછેરવાની જરૂર છે. પોતે બાળકોની આગળ સારો, આત્મિક નમૂનો મૂકવાની જરૂર છે. પ્રેમ અને અનુશાસનના સમતોલ પ્રયાસ વડે બાળકોને આગળ વધવામાં સહાયરૂપ થવાથી ભવિષ્યની પેઢી એક સારી, મજબૂત અને ઈશ્વરની બીક રાખનાર પેઢી તૈયાર થશે. આજે સમાજની તાતી જરૂરિયાત એ છે કે સમાજમાં આદર્શ પિતાઓ તૈયાર થાય જે બાળકોને યોગ્ય દિશામાં દોરી જાય. આવો, પિતાઓ, આ પિતૃદિને આપણે આપણા બાળકો સંબંધી વધુ ગંભીર બનીએ અને ઈશ્વરે આપણને સોંપેલી કુટુંબની જવાબદારીમાં ઈશ્વરની સહાય માંગી આપણે વિશ્વાસુપણે આગળ વધીએ કે જેથી આવનાર પેઢી ઈશ્વર દ્વારા આશીર્વાદિત થાય. સર્વ પિતાઓને હાર્દિક અભિનંદન. ઈશ્વર તમ સર્વને આશીર્વાદિત કરો. આમેન.


**આ બુલેટીનનો ખર્ચ મા. શેલ્ડન વી. ક્રિસ્ટી તરફથી મળેલ છે.- આભાર.**

## મે માસ તરફ એક નજર

- તા. ૪થી મે, રવિવારથી ભક્તિસભામાં પાળકે 'પ્રભુની પ્રાર્થના' પર શ્રેણી શરૂ કરી હતી. પાળકે માત્થી ૬:૫-૧૫ આધારિત 'ઓ આકાશમાંના અમારી બાપ' પર સંદેશો આપ્યો હતો. વળી આ રવિવાર મહીનાનો પ્રથમ રવિવાર હોવાથીભક્તિસભામાં પ્રભુભોજનનો પવિત્ર સંસ્કાર પળાવવામાં આવ્યો હતો.

- તા. ૧૧મી મે નો રવિવાર મહિલામંડળ દ્વારા 'માતૃદિન' તરીકે ઉજવવામાં આવ્યો હતો. શ્રીમતી કમળાબેન સોલંકીએ ભક્તિસભાનું સંચાલન કર્યુ ંહતું અને વચનની સેવા માટે મેથોડિસ્ટ મિશનેરી મુવમેન્ટના ડાયરેક્ટર રેવ. સ્મિતાબેન રોઝીયાસાહેબને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેઓએ સુંદર સંદેશો આપ્યો હતો. વળી, ભક્તિસભામાં બાળકો દ્વારા ફુલો દ્વારા માતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

- તા. ૧૮મી મેના રવિવારે પાળકને પાસ્ટરેટ કોન્ફરન્સ માટે મેથોડિસ્ટ ચર્ચ-અમદાવાદ વેસ્ટ મંડળીમાં જવાનું હોવાથી પાળકની ગેરહાજરીમાં ડિસ્ટ્રીક્ટ ઈવેન્જલીસ્ટ શ્રીમતી સુધા વિજય મેકવાને સંદેશાની સેવા આપી હતી અને મંડળીના સેક્રેટરી શ્રી આલાપ માસ્ટરે ભક્તિસભાનું સંચાલન કર્યું હતું.

- તા. ૨૫મી મે, રવિવારે ભક્તિસભામાં પાળકે 'પ્રભુની પાર્થનાની 'ની શ્રેણીમાં ૨ કાળવૃત્તાંત ૨૦:૫-૧૩ પરથી 'તારૂં નામ પવિત્ર મનાઓ' પર સંદેશો આપ્યો હતો.

## ખાસ કાર્યક્રમો

મંડળીની પ્રથમ અને દ્વિતીય પાસ્ટરેટ કોન્ફરન્સ

- તા.૧૧મી મે, રવિવારે ભક્તિસભા પૂરી થયા બાદ રેવ. સ્મિતાબેન રોઝીયાસાહેબના પ્રમુખ સ્થાને મંડળીની પ્રથમ અને દ્વિતીય પાસ્ટરેટ કોન્ફરન્સો મળી હતી.

## ડિસ્ટ્રીક્ટ કોન્ફસન્સ

- તા. ૨૫મી મે, રવિવારે અમદાવાદ વેસ્ટ ડિસ્ટ્રીક્ટની ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સભક્તિસભા બાદ મેથોડિસ્ટ ચર્ચ-અમદાવાદ વેસ્ટમાં ડી.સુ. રેવ. વિજય જે. મેકવાનના પ્રમુખ સ્થાને ભરવામાં આવી હતી. સ્થાનિક મંડળી તરફથી બપોરનું ભોજન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

## જાહેરાત

- તા. ૬ઠ્ઠી થી ૮મી જૂન, ૨૦૧૪ દરમ્યાન ગુજરાત કોન્ફરન્સનું ૩૧મું અધિવેશન ગોધરા ખાતે માન. બિશપ ડો. ઈ. પી. સેમ્યુલસાહેબના પ્રમુખ સ્થાને ભરાનાર છે. આ અધિવેશનની સફળતા માટે ખાસ પ્રાર્થના કરવા વિનંતી છે.

## ખાસ દાન

- અમેરિકા નિવાસી મંડળીના સભ્ય શ્રી રાજેશભાઈ એસ. ક્રિશ્ચિયન દ્વારા રૂ. ૧૦૦૦૦/- મિશનેરી એન્ડાઉમેન્ટ, રૂ. ૧૦૦૦૦/- એજ્યુકેશન ફંડ અને રૂ. ૫૦૦૦/- પુઅર ફંડ ખાતે મળેલ છે. આભાર.
- આપણી મંડળીના સભ્ય શ્રીમતી શશીબેન એસ. પરમાર દ્વારા રૂ. ૧૦૦૦૦/- મિશનેરી એન્ડાઉમેન્ટ માટે આપવામાં આવેલ છે. આભાર.

## પાળક મારફતે મળેલ દાન<br>મે ૨૦૧૪

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી પ્રિમા એસ. માસ્ટર | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૨. | શ્રીમતી નિયંતા કેનેથ ક્રિશ્ચિયન | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૩. | શ્રી આર્થરભાઈ એ. પેટ્રિક | ૫૦૦ | આ.સ્તુ. |
| ૪. | શ્રી સિલાસભાઈ જી. ચૌહાણ | ૧૦૦૦ | આ.સ્તુ. |
| ૫. | શ્રી વિક્ટરભાઈ વી. મેકવાન | ૫૦૦ | આ.સ્તુ. |
| ૬. | શ્રીમતી ઉર્મિલાબેન આર. સોલંકી | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૭. | શ્રીમતી નિયંતા કેનેથ ક્રિશ્ચિયન | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૮. | મા. જેસન જીમી ડેવિડ | ૩૦૦ | વર્ષગાંઠ |
| ૯. | શ્રી સિલાસભાઈ જી. ચૌહાણ | ૨૦૦ | આ.સ્તુ. |
| ૧૦. | શ્રી મનોજભાઈ સી. ચૌહાણ | ૨૦૦ | વર્ષગાંઠ |
| ૧૧. | શ્રી નલિનભાઈ આર. ક્રિશ્ચિયન | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૧૨. | શ્રી રશ્મિકાન્તભાઈ પી. મહીડા | ૫૦૦ | વર્ષગાંઠ |
| ૧૩. | શ્રી રશ્મિકાન્તભાઈ પી. મહીડા | ૫૦૦ | આ.સ્તુ. |
| ૧૪. | શ્રીમતી અરૂણાબેન સામી ગામડીયા | ૧૦૦ | વર્ષગાંઠ |
| ૧૫. | શ્રીમતી જુલીયટ નોએલ ક્રિસ્ટી | ૧૦૦ | આ.સ્તુ. |
| ૧૬. | ડો. એડવીન મસિહી | ૫૦ | વર્ષગાંઠ |

### યાદ રાખો....પ્રાર્થના કરો....ભાગ લો

- દર રવિવારે સવારે ૯-૦૦ ક.દર રવિવારે સહ કુટુંબ ભક્તિસભામાં આવો.
- દર રવિવારે ભક્તિસભા બાદ સન્ડે સ્કુલ મળે છે; આપના બાળકોન નિયમિત સન્ડે સ્કુલમાં મોકલો.
- દર ગુરૂવારે રાત્રે ૮-૦૦ ક. ચર્ચમાં શાસ્રાભ્યાસની સંગત મળે છે. તેમાં ભાગ લેવા માટે સર્વને આમંત્રણ છે.
- દર માસના પ્રથમ રવિવારે પ્રભુ ભોજનનો પવિત્ર સંસ્કાર પળાવવામાં આવે છે.
- દર માસના પ્રથમ રવિવારે આભારસ્તુતિનું ખાસ દાન લેવામાં આવે છે.
- દર માસના ત્રીજા રવિવારે પુઅરફંડ માટે ખાસ દાન લેવામાં આવે છે.
- દર માસના પ્રથમ રવિવારે ભક્તિસભા બાદસિનિયર સીટીઝન મીટીંગ મળે છે.
- દર માસના બીજા રવિવારેપાસ્ટરેટ કમિટિની મીટીંગ ચર્ચ બાદ મળે છે.
- દર માસના ત્રીજા રવિવારે મહિલા મંડળની મીટીંગ ચર્ચ બાદ મળે છે.

## HAPPY BIRTHDAY- JUNE

| તારીખ | નામ | તારીખ | નામ |
|---|---|---|---|
| ૦૨ | શ્રેયા પી. અમીન | ૨૧ | વેનિસા વિનોદભાઈ રાઠોડ |
| ૦૩ | સ્મિતાબેન જેમ્સ ક્રિશ્ચિયન | ૨૧ | સેમ્યુલભાઈ એમ. ડેવિડ |
| ૦૩ | ભારતી એ. ક્રિશ્ચિયન | ૨૧ | કેરોલ ફિલીપભાઈ રાઠોડ |
| ૦૫ | મેરેલીન ઈમાનુએલ ખ્રિસ્તી | ૨૨ | સારાહબેન એફ. ટેલર |
| ૦૬ | બ્રાયન ડોનાલ્ડ મેકવાન (U.S.A.) | ૨૨ | યશ સુનિલભાઈ ક્રિશ્ચિયન |
| ૦૮ | રમેશચંદ્ર એમ. કાપડીયા | ૨૨ | જોની ડિકોસ્ટીન ચૌહાણ |
| ૧૧ | સુજન નોએલ ક્રિશ્ચિયન | ૨૨ | નૈમેષ જોસફભાઈ ક્રિશ્ચિયન |
| ૧૬ | સિલીયાબેન એસ. મેકવાન | ૨૪ | જોનભાઈ મનસુખભાઈ મેકવાન |
| ૧૬ | તનય શરદભાઈ વાઘેલા | ૨૪ | સુરેશચંદ્ર એલ. ભાટીયા |
| ૧૭ | મોનિકા ઈમાનુએલ ખ્રિસ્તી | ૨૬ | પ્રતિમા કે. વાઘેલા |
| ૨૦ | ઈન્દુબેન કિરણભાઈ વિશ્રામ | ૨૭ | ઓનિલ આર્થર પેટ્રીક |
| ૨૦ | ચિરાગ જી. વરસડા | ૨૯ | ડિક્સન આર્ચીબોલ્ડ હેરી |
| ૨૦ | લિનીયસ એસ. પેલમોર | 30 | સુનંદાબેન વિક્ટરભાઈ મેકવાન |
| ૨૧ | જોસફભાઈ એ. ક્રિશ્ચિયન | | |

## માર્ચ - ૨૦૧૪નો નાણાંકીય અહેવાલ

| | | |
|---|---|---|
| તા. ૧-૪-૧૪ની ઉઘડતી સિલક | રોકડ | ૩૫૧.૮૮ |
| | બેંકમાં | ૯૭,૫૯૧.૮૩ |
| તા. ૩૧-૪-૧૪ સુધીની આવક | | ૧,૧૭,૪૯૬.૦૦ |
| | કુલ | ૨,૧૫,૪૩૯.૭૧ |
| તા. ૩૧-૪-૧૪ સુધીની બંધ સિલક | રોકડ | ૨૫૬.૮૮ |
| | બેંકમાં | ૧,૪૭,૬૬૫.૮૩ |
| તા. ૩૧-૪-૧૪ સુધીનો ખર્ચ | | ૬૭,૫૮૭.૦૦ |
| | કુલ | ૨,૧૫,૪૩૯.૭૧ |

નિલેશભાઈ એસ. ક્રિશ્ચિયન, ટ્રેઝરર